સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

ગુન્હાને છે મોકળું મેદાન, મુલાયમ માર્ગ છે,
ખૂનીઓને મળે ક્લીનચીટ, મુલાયમ માર્ગ છે -
વેડફાય છે શક્તિ કર્તવ્યનિષ્ઠ દુર્ગાઓની અહીં -
મની-મસલ્સ, માફિયા માટે મુલાયમ માર્ગ છે..
(સીબીઆઇનું ભૈયાને રક્ષાબંધન)

હાઈકુ

જોવા મળે છે,
ભાજપ સરકસે -
રોજ ગુલાંટો..
(યશવંત-શત્રુઘ્ન સિંહા)

ક્યું સાબિત,
અખિલેશે કે હું છું -
મોરનું ઇંડું..
(આજ્ઞાંકિત કઠપૂતળી)

ચિંતન

નીયતામનવલમ્બ્ય જનઃ કોયયના દવ ચિનોતિ ફલાનિ ।
હન્ત વામનપદં પ્રતિવેદે ભિક્ષુતામુપગતો જગદીશઃ ॥

'હલકાપણું મેળવવા વિના ક્યો માણસ યાચનાથી સારાં ફળ મેળવે છે? અર્થાત યાચના કરી કંઇ પણ મેળવવાથી માણસ માન તો જોખમાય જ છે. ખરેખર! જગતનો નાથ, ભગવાન વિષ્ણુ ભગવાન પણ જયારે યાચના કરવા ગયા. ત્યારે ભિક્ષુકપણાને કારણે જ તે 'વામન' પદને પામ્યા.

યાચના કરવી, હાથ લાંબો કરી, માંગણી કરનાર સ્વમાન સચવાતું નથી, સમાજમાં નીચા જોણું થાય છે.

અર્થાત પોતાની પાસે જે હોય અને જેટલું હોય એમાં જ સંતોષ માની ઓછી જરૂરિયાતથી ચલાવી લેનાર વ્યક્તિ સ્વમાનભેર, સુખ-શાંતિથી જીવી શકે છે. સંતોષનું સુખ સર્વોત્તમ છે.

અહીં પ્રાચીન ગ્રંથનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવી છે. ભગવાન કૃષ્ણ જયારે બલિરાજા પાસે યાચના કરવા ગયા ત્યારે વામન સ્વરૂપ નાના બટુક બાળક સ્વરૂપે ગયા હતા અને ત્રણ પગલાં જમીન માગી હતી. આમ 'વામન' સ્વરૂપ ને રૂપક અર્થમાં વાંચવા યાચના કરનારે 'વામન' નાના - લઘુ થવું પડે છે એવો અર્થ સ્ફૂટ થાય છે.

યાચના કરનારને 'હલકાપણું' મનથી જ ડંખે છે.

સુવિચાર

- પતિ પત્નીનાં સહજીવનની સફળતાનો મુખ્ય આધાર 'આર્ટ ઓફ એડજસ્ટમેન્ટ' છે **- ફાધર વાલેસ**
- જીંદગી રૂપી પાટીમાં જયાં સુધી જૂની ભૂલો, કે દુખતી વાતો ભૂંસી એ નહીં ત્યાં સુધી એની પર બીજું લખી કે રચી શકાતું નથી **- શાહબુદ્દીન રાઠોડ**
- જે સફળતા આપણને અને આપણા સ્વજનોને સુખ, શાંતિ અને આનંદ આપનારી ન હોય તો એ સફળતા અધૂરી છે **- માનસ સૂત્ર**
- મન અશાંત રહે તો ચિન્તા નહીં... પણ એ અશાંતી જીભ ઉપર ન આવવા દો- **શેખ સાદી**
- લોહચુંબક લોખંડને ખેંચે છે, લોહચુંબક હશે તો દૂરથી પણ લોખંડ ખેંચાઇને આવશે જ. આપણે એ નક્કી કરવાનું છે કે આપણે લોખંડ બનવું છે કે લોહચુંબક, તમારે લોકો તરફ ખેંચાવું છે કે લોકોની તમારા તરફ આકર્ષવા છે **- ચંદ્રકાન્ત બક્ષી**
- તમારે પતંગિયા જોઇએ છે?? તો ફૂલ બનો, ઉકરડાના નસીબમાં તો કાગડા જ હોય છે **- મરાઠી કહેવત**
- આપણે સારા તો દરેક સમય સતયુગ જ છે **- હિતોપદેશ**

બોધ કથા

સમાજની વ્યવસ્થા વૈદિક પદ્ધતિએ આશ્રમો દ્વારા ગોઠવી હતી. બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સંન્યાસ. દરેક ૨૫ વર્ષના વિભાજન પ્રમાણે સંસારી અનુસરે તો સમાજવ્યવહાર શાંતિથી ચાલે - અત્યારે આ વ્યવસ્થા વેરવિખેર છે.

સન્યસ્ત પછી મહાવીર સ્વામી વિહાર કરતા હતા. એક ખેડૂત તડકામાં, પાણીથી ક્યારા પાતો હતો. મહાવીર તેના ખેતરમાં વડને ઓટલે આવી બેઠો. ખેડૂત થાક્યો હતો એ પણ વડને છાંયડે આવ્યો અને મનમાં વિચાર્યું આ સાધુ-મહાત્મા ભિક્ષુક જેવા દેખાય છે અને હમણાં જ કંઇક યાચના કરશે. તેથી એ પહેલાં જ બોલ્યા. 'તમે આવા હટ્ટા-કટ્ટા છો છતાં સમાજનો બોજ થઇ ફરો છો. મહેનત કરી કંઇ ખેતી-મજૂરી કરતા હો તો!'

મહાવીર સ્વામીએ સ્મિત સાથે કહ્યું, ભાઇ હું પણ ખેતી જ કરૂં છું? ખેડૂતે કટાક્ષમાં પૂછ્યું, એમ! હમણાં શું વાવ્યું છે? ખેતી ક્યાં કરો છો?

મહાવીર કહે - લોકોનાં અંતઃકરણ એ મારૂં ખેતર છે વિવેક મારૂં હળ છે, સંયમ અને વૈરાગ્ય એ બે મારા બળદ છે, પ્રેમ અને કરૂણાના બીજ વાવું છું અને પ્રાયશ્ચિત રૂપી પાણીનું સિંચન કરી, શાંતિ, સુખ ને પરમઆનંદનો પરિપાક મેળવું છું!

ખેડૂત સમજુ હતો - મહાવીરને તરત વંદન કરી ક્ષમા માગી.

Email - sureshchandrabhatt18@gmail.com

"હેં... એં...!" કહેતા, કાકા વિસ્ફારીત નયને, ઝડપથી ડબરો અને ખૂણામાં રાખેલ નિવેજનો સામાન લઇ, ગુસ્સામાં છોકરાને ખસેડતા, સામેની સીટમાં ગોઠવાઇ ગયા; કટાણું મોં કરી!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

લઘુ કથા સેતુ

- મૂળજી પરમાર 'દધિ'

ડૉ. વાઘેલા

નોકરીએ જવા ડૉ. વાઘેલાને ઘરેથી જ નીકળવામાં ખૂબ જ મોડું થઇ ગયું હતું, પરંતુ આજે નોકરી પર જવું પણ ખૂબ જ જરૂરી હતું.

સુપરફાસ્ટ મેલ તો ક્યારનોય રવાના થઇ ગયો હોત. હવે તો લોકલ જ પકડ્યા સિવાય કોઇ આરો નહોતો! જેમ તેમ કરી લોકલ પકડી. ડબ્બામાં બર્થ પર પથારો કરીને બેઠેલ એક કુટુંબનાં બાળકો પાસે, સાંકડ-માંકડમાં જગા મળી. આખું કુટુંબ નાસ્તો કરવામાં અને ટોળ-ટપ્પામાં મશગૂલ હતું!

ત્યાં જ કુટુંબના આધેડ વયના વડીલની નજર ડૉ. વાઘેલા પર પડી. ખાનદાન પરિવારનો ઠરેલ યુવાન જોઇ, તેઓ ઘડીભર અંજાઇને સામે તાકી રહ્યા. પછી : "લ્યો સાયેબ, નાસ્તો કરશો?" કહી ઢેબરાંનો ડબરો આગળ ધર્યો.

"આભાર કાકા, હું નાસ્તો કરીને જ નીકળ્યો છું." ડૉકટરે વિવેકથી કહ્યું.

કાકાએ ઈંતેજારીથી પ્રશ્ન કર્યો, "સાયેબ, તમે શું કરોસો? માતાજીના દર્શને જાવ સો?"

"ડૉકટર છું. નોકરીએ જાઉં છું." ડૉકટરે ટૂંકમાં પતાવ્યું.

"મને લાગતું'તું જ કે તમે કોઈ ઊંચા ઘરનાં ભગવાંનનું રૂપ!" થોડું વિચારીને : "સાયેબ, ઈમ છોકરાં... અવળીતરાં સી. તમારાં લૂગડાં બગાડસી!" કહી, કાકાએ પોતાની બાજુમાં બેસવા માટે જગા કરી, ને સાફ કરતા હોય તેમ સીટ પર હાથ ઘસ્યો અને પૂનઃ ડબરો ડૉકટર સામે ધર્યો.

ડૉકટર પડખે ગોઠવાતાં, કાકાએ પૂછ્યું : "સાયેબ, તમારૂં નોંમ શું?"

"ડૉકટર વાઘેલા."

"સાયેબ, તમે ચેવા સો?" કાકાએ વેધક સવાલ કર્યો.

"કંઈ કામ હતું કાકા?" ડૉકટરે સ્હેજ અણગમાથી સામો પ્રશ્ન કર્યો.

"ના સાયેબ, આ તો અમસ્તુ જ. જાણવા ખાતર! ચ્યાંક મળી જઈએ તો, બોલા'વા થાય એટલે... બાચી...!" કાકાએ ખચકાતાં ખચકાતાં કહ્યું.

ડૉકટરે મૌન રહ્યા.

ઘડીભર સ્મશાનવત્ શાંતિ પથરાઇ ગઈ!

ફક્ત ગાડીનો ખટ્... ખટ્... ખટાક... ખટ્... અવાજ જ સંભળાતો હતો!

ત્યાં તો શાંતિને ચીરતાં કાકા બોલી ઊઠ્યા :

"તે હેં... સાયેબ! વાઘેલા એટલે ચેવા?" સ્હેજ અટકીને... : "અમે ઝાલા સીયે."

ડૉકટરે શાંતિથી જવાબ આપ્યો : "હું રાજપૂત નથી."

"સાંભળતાં જ કાકાની આંખો એકાએક પહોળી થઇ ગઈ!"

"હેં... એં...!" કહેતા, કાકા વિસ્ફારીત નયને, ઝડપથી ડબરો અને ખૂણામાં રાખેલ નિવેજનો સામાન લઇ, ગુસ્સામાં છોકરાને ખસેડતા, સામેની સીટમાં ગોઠવાઇ ગયા; કટાણું મોં કરી!

સમાચાર સેતુ

♥ ગાંધીનગર સાહિત્ય સભા તેના ઉત્સાહી અને ઉર્જાવાન પ્રમુખ દોલત ભટ્ટના માર્ગદર્શન હેઠળ એક નવતર અભિગમ સાથે સાહિત્ય પ્રસારની કામગીરી માટે શાળા કૉલેજો સાથે સંપર્ક રચી સાહિત્યકારો અને શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ સાથે સાહિત્ય સર્જનમાં સર્જકની કેફિયત, જુદા જુદા સાહિત્ય સ્વરૂપોની સમજ, સાહિત્ય સર્જકની પ્રક્રિયા અંગે મુંઝવતા પ્રશ્નો અંગે ચર્ચા થાય અને એક સમજ કેળવાય, વિદ્યાર્થીઓમાં ભાષા અને સાહિત્ય અંગે રૂચિ અને રસ કેળવાય તેવા ઉમદા હેતુથી શાળા-કોલેજોમાં એક કલાકનો કાર્યક્રમ યોજવા અંગેની યોજના બનાવવામાં આવી છે. જેમાં ૩૦ મીનીટ સર્જનનું વક્તવ્ય અને ૩૦ મીનીટ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે સંવાદ યોજવાનું નક્કી થયેલ છે. તેમજ અન્ય શાળા કૉલેજેને પણ ટૂંક સમયમાં પત્રો લખી જાણ કરવામાં આવશે. જેથી રસ ધરાવતી તમામ શાળા-કોલેજોના આચાર્યશ્રીઓને આથી અમો જાણ કરીએ છીએ કે જો આપ આપની શાળા કૉલેજમાં આવો કાર્યક્રમ યોજવાની ઈચ્છા ધરાવતા હો તો તાત્કાલિક ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટ બ્લોટ નં. ૨૫/૪, સેક્ટર-૨૨ ગાંધીનગર ફોન નં. ૯૮૨૫૫૨૬૨૫૫ ને જાણ કરવા વિનંતી છે.

♥ ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક તા. ૧૧-૦૮-૨૦૧૩ ના સાંજે ૫:૦૦ કલાકે બ્રહ્મ સમાજ હોલ, વિદ્યા લાઈબ્રેરી પાછળ સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે મળશે. જેની સૌ સભ્યો અને ભાવકોએ નોંધ લેવા વિનંતી છે.

♥ જાણીતા શાયર 'બેઝાર' સાસ્તાપુરી હસમુખ શાહ દ્વારા, 'મા, તું માન સરોવર ભાગ૧-૨ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે.' જેમાં માં વિષે સુંદર કાવ્યો રજુ કરવામાં આવેલ છે. આ સંગ્રહમાં ગાંધીનગરમાં કવિઓ ભરત કવિ 'ઉર્મિલ', કિશોરસિંહ સોલંકી, પ્રજ્ઞા પટેલ, હર્ષદ ત્રિવેદી, ગિરા ભટ્ટના કાવ્યો સમાવવામાં આવ્યા છે. સૌને અભિનંદન.

કાવ્ય સેતુ

● મગહર : ફૂલોનો ઢગ

વારાણસીની
પવિત્ર ભૂમિ
પવિત્ર ગંગા પ્રવાહ છોડી
મરણને ભેટવા
કબીર આવ્યા હતા અહીં : મગહર
કીડી જેવા ગામે
અનામી
અનાદ્રત નદી કિનારે
હિન્દુ કહે અમારા, મુસલમાનો કહે અમારા
ચાદર નીચે ફૂલોનો ઢગલો થયા કબીર.
કબીર સૌના ને કોઇના નહિ
પારા જેવા તરલ
જાતપાતના ભૂતને પ્રમાણ્યું નહિ
આત્મામાં જ પરમાત્મા દીઠો કબીરે
ન જપમાં, ન તપમાં, ન વ્રતમાં, ન ઉપવાસમાં
ન ક્રિયાકરમમાં ન યોગ વૈરાગમાં
ન દેવળે ન કાબે ન કૈલાસે
એ તો છે આસપાસમાં
ખોજી હોય તો તુરતે મિલિ હો.
પલભર કી તાલાસ મેં
દલિત-પીડિતની આંખમાં આંસુમાં
કબીર,
એક અનામી
અનાદ્રત નદીને
તેં બનાવી દીધી પવિત્ર ગંગા
આ મગહરમાં...

- પ્રવીણ ગઢવી

● ખૂબ અઘરી વાત છે

રેતી પર હંકારવી નાવ, ખૂબ અઘરી વાત છે
જલ્દી રૂઝાવા દિલના ઘાવ, ખૂબ અઘરી વાત છે
ગગન આંબવુ કાપી પાંખ, ખૂબ અઘરી વાત છે
દુનિયા દખવી ફોડી આંખ, ખૂબ અઘરી વાત છે
વૃક્ષ ઉછેરવું કાપી મૂળ, ખૂબ અઘરી વાત છે
વીણવાં સ્પંદન મળ્યાં ધૂળ, ખૂબ અઘરી વાત છે
ઉજાગીને ખીલવવો બાગ, ખૂબ અઘરી વાત છે
ખાંગથી મારવો ચતુર કાગ, ખૂબ અઘરી વાત છે
રણની મધ્યે ખાળવો તાપ, ખૂબ અઘરી વાત છે
પરાયા થવું, મટીને આપ, ખૂબ અઘરી વાત છે
દિલ મનાવવું તૂટયા બાદ, ખૂબ અઘરી વાત છે
વિજોગમાં ભૂલાવવી યાદ, ખૂબ અઘરી વાત છે
છોડાવવા ભોગીના ભોગ, ખૂબ અઘરી વાત છે
જોગીને વાળી, ટાળવો વિજોગ, ખુબ અઘરી વાત છે
પાતાળનો મેળવવો તાગ, ખૂબ અઘરી વાત છે
દધિજળના પાડવા ભાગ, ખૂબ અઘરી વાત છે

- મૂળજી પરમાર 'દધિ'

સેલ્યુલર જેલની ઘટનાઓનું સંવાદો અને જુસ્સા ભર્યા બુલંધ અવાજમાં પ્રસ્તુતિકરણ ધ્વનિ અને પ્રકાશના આયોજનથી એવું તાદશ્ય થઇ રહ્યું હતું કે ત્યાં બેઠેલા ઘણાં પ્રેક્ષકોની આંખો છલકાઇ ઉઠી હતી

પોર્ટ બ્લેયર શહેરનાં રસ્તા પરથી પસાર થતાં થતાં અપ્લોટા પોઇન્ટના ઊંચાણવાળા વિસ્તારમાં આવેલ સેલ્યુલર જેલની સામે આવીને અમારી ગાડી ઊભી રહી ત્યારે અમારા બીજા સાથી પ્રવાસીઓ જે અન્ય હોટલોમાં ઠહેર્યા હતા. તેમની પણ મુલાકાત થઇ. કેટલાકની વ્યવસ્થા હોટલ હેરીટેજ ઇનમાં હતી. તો કેટલાક ને હોટલ અરવિંદમાં ઉતારો અપાયો હતો. બધાં ભેગાં થયા એટલે ફરી પરિચયનો સેતુ રચાવા લાગ્યો.

આકાશમાં કાળાડિંબાગ વાદળો છવાયેલા હતા. વાતાવરણ ઘુમ્મસવાળું અને ધુંધળું હતું. તે જોઇ કોઇએ કોમન્ટ કરી. 'ત્યો જૂઓ અહીં કાળુ પાણી તો નથી પણ વાતાવરણ કાળું છે. હજી તો સાંજનાં પાંચ વાગે છે ત્યા કેવું અંધારૂં લાગવા માંડ્યું છે.'

સૌ સેલ્યુલર જેલનાં પ્રવેશદ્વાર તરફ આગળ વધ્યા. તેની ઊંચી વિશાળ દિવાલ અને તોતીંગ દરવાજો જોતાં જેલની વિશાળતાનો અનુભવ થતો હતો. આ જેલની એક એક ઇંટમાં ક્રાંતિકારીઓનાં રક્ત અને પ્રસ્વેદનો ઇતિહાસ છુપાયેલો પડ્યો છે. તેની વાત જાણવાની ઉત્સુકતા સૌના મનમાં હતી. બધા, ઝડપભેર અંદર પ્રવેશ્યા. તો સામે ત્રણ માળનું ઊંચુ, મકાન દેખાયું જેમાં નાની નાની કોટડીઓ હોય તેવું લાગતું હતું. જેલ સાત પાંખડાવાળી બનાવેલ હોવાથી તેને સેલ્યુલર જેલ તરીકે ઓળખાતી. તેના સાતે પાંખડાંઓ એક ટાવર સાથે જોડાયેલા હતા. તેની ઉપરથી જોવામાં આવે તો સ્ટારફીશ કે સાયકલના ચક્રના દાંતાને વચ્ચે જે રીતે જોડેલ હોય છે તે રીતે જોડેલ દેખાય છે. તેમાં ૬૯૮ જેલની એકાંત કોટડીઓ આવેલી છે. એ વિગત માઇક પરથી આપવામાં આવતી હતી. આકાશ ગોરંભાયેલું હતું. આછા આછા અંધકારની વચ્ચે પીળા રંગના પ્રકાશથી ઇમારતનો એક ભાગ ઝળહતી ઉઠ્યો. એ સાથે જ સંગીતની સૂરાવલી અને જુસ્સાદાર હિન્દીમાં કોમેન્ટ્રી શરૂ થઇ. સમુદ્ર કિનારે એક પહેરેદાર તરીકે ઉભેલ આ જેલનું નિર્માણ ૧૮૯૬ થી ૧૯૦૬ની સાલમાં થયું હતું. આ જેલ શહેરના ઉત્તર પૂર્વ દિશામાં આવેલી છે. તે હજારો ભારત માતાના સપૂતોનાં ઇતિહાસનું મજબૂત પ્રમાણ છે. જયાં અનેક જાણીતા અને અજાણતા નામી-અનામી ક્રાંતિકારીઓ એ પોતાની આખી યુવાની જેલની ચાર દિવાલો વચ્ચે વિતાવી દીધી હતી. અને ઘણા એવા પણ હતા જેમણે દેશ મારે કષ્ટમય યાતનાઓ સહન કરતાં કરતાં આ જેલમાં જ અંતિમશ્વાસ લીધા હતા.

જો કે આંદામાન ટાપુઓનો ઇતિહાસ તો એમ કહે છે કે ઇ.સ. ૧૮૫૭ના વિપ્લવમાં ભાગ લેનાર ૨૦૦ સિપાઇઓને ૧૦મી માર્ચ ૧૮૫૮ના રોજ આંદામાન લાવવામાં આવ્યા હતા. ત્યાથી જેલના ઇતિહાસની શરૂઆત થાય છે. આ ટાપુઓ પર ત્યારે ગાઢ જંગલો હતો. વસ્તીમાં અહીં જંગલી જારવા જાતિના લોકો રહેતા હતા. આ ટાપુઓનો અંગ્રેજોએ કબજો કર્યો તે પછી તેનો ઉપયોગ ખતરનાક કેદીઓની તળભૂમિથી દૂર આ ટાપુ ઉપર જેલમાં વિતાવવા માટે કરવાનો શરૂ કર્યો. આ સમુદ્રનું પાણી કાળા રંગનું હોવાથી લોકો તેને કાળા પાણીની સજા કહેતા. અહી આવેલે કેદી પણ ભાગી શકતો નહીં. કારણ કે જો સમુદ્રમા ભાગે તો ડુબીને મરી જાય અને જંગલમાં ભાગે તો નરભક્ષી જારવા તેને ફાડી ખાય. તે સમયે શરૂઆતમાં ક્રાંતિકારી અલમા ફઝલુલ હક ખૈરાબાદી અને મૌલાના લિયાકત અલી તેમજ જફરઅલી થાનેશ્વરી જેવાઓએ વીસ વર્ષની જેલ ભોગવેલી તે પછી બીજો દૌર રાજનૈતિક કેદીઓનો શરૂ થયો. જેમાં પંજાબ અને વહાબી કેદીઓનાં ત્રણ સમુહોને લવાયા હતા. થોડાક બર્મા ક્રાંતિકારીઓને પણ આંદામાન મોકલવામાં આવ્યાં હતા. જે લોકો એ અંગ્રેજ સલ્તનત સામે બગાવત કરેલી. પણ આ બધી સેલ્યુલર જેલ બન્યા પહેલાંની વાતો છે. જે કેદીઓને અહીં લાવવામાં આવ્યાં તેમની પાસે જ જંગલનાં વૃક્ષો કાપવાના, જમીનની સાફસફાઇની અને તે પછી જેલનાં બાંધકામની કામગીરી કરાવવામાં આવતી હતી. તેમાં ખુબ જ ભયંકર કષ્ટદાયક રીતે તેમની પાસે કામ લેવામાં આવતું હતું. કામ ઓછું થાય તો તે કેદીઓ પર કોરડા વીંઝાતા હતા. આ વાત ટાવર પર પીળો પ્રકાશ રેલાતાં કોમેન્ટ્રીમાં રજૂ થઇ. અંગ્રેજો દ્વારા કેદીઓ સાથે બિભત્સ ભાષામાં વાત કરવામાં આવતી અને કોરડાથી ચીત્કારી ઉઠતા કેદીઓની ચીસોને સાઉન્ડમાં તાદૃશ્ય કરવામાં આવતાં ત્યાં બેઠેલા સૌ પ્રેક્ષકોનાં રૂવાંડા ખડાં થઇ જતાં હતા. ત્યાં જ લાલ, પીળી અને લીલા પ્રકાશથી સામેની ત્રણ માળની ઓરડીઓવાળી ઇમારત ઝગમગી ઉઠી. આ એ જ ઓરડીઓ હતી જયાં રાજનૈતિક કેદી તરીકે બારીન્દ્રકુમાર ઘોષ, વિભૂતિ ભૂષણ સરકાર, ઋષિકેશ ચંદ્રસેન વિગેરેને ૧૪ જુલાઇ ૧૯૧૧ના બે વખત જન્મટીપની સજા પામનાર વીર વિનાયક દામોદર સાવરકર અને તેના મોટા ભાઇને પણ પહેલાંથી આ જેલમાં ક્રાંતિકારી રૂપે કાળાપાણીની સજા કાપવા રાખેલ હતા. પણ આશ્ચર્યની વાત એ હતી કે એ બંને ભાઇઓને એક વર્ષ સુધી એક બીજાને જોવાનો મોકો મળ્યો ન હતો. જેલનાં સુપ્રિન્ટેન્ડેન્ટ મિ.બારી નામના કઠોર જલ્લાદ જેવો આયરિશ નાગરીક હતો. તેની ભારે ધાક હતી. કોઇ કેદી ચૂં-ચા કરી ના શકે. અહીં કેદીઓ પાસે નારિયેળના છોકરા કૂટવાનું કામ અને પછી તેલની ઘાણી ચલાવવાનું કામ કરાવવામાં આવતું. જે ઘાણી બળદથી ચાલતી તેને માણસ ચલાવતો અને ૩૦ રતલ તેલ તો કાઢવું જ પડતું. જો ઘાણી ચલાવવામાં ઢીલાશ થાય તો ચાબુકથી ફટકારવામાં આવે. આવા ત્રાસથી કંટાળીને ઇન્દ્રભૂષણ નામનાં કેદીએ આત્મહત્યા કરી લીધી હતી.

વીર સાવરકરે લખેલ પુસ્તક 'મેરા આ જન્મ કારાવાસ' માં લખ્યું છે કે આંદામાનની ધરતી પર જેલમાં જેલરો પોતાને ભગવાન સમજતા મિ.બેરીનો દાખલો આપતાં કહેતા કે 'એ કેદી, આ સંસારમાં બે ભગવાન છે, એક સ્વર્ગમાં અને બીજો પોર્ટબ્લેરમાં, સ્વર્ગનો ભગવાન તો તને મર્યા પછી બક્ષીસ આપશે. પણ હું તો અહીં અત્યારે જ તારા કામની બક્ષીસ આપું છું. તેથી તમે કેદી લોકો જેલના અધિકારીઓ સાથે સારો વહેવાર કરો. નહીં તો મારા પ્રકોપનો શિકાર થઇ જશો.' વળી વીર સાવરકરે જેલની કઠોર યાતનાઓનો ઉલ્લેખ જેલની કઠોર યાતનાઓનો ઉલ્લેખ કરી લખ્યું છે કે જેલની કઠોર યાતનાઓ જેલમાં બંદીવાન ક્રાંતિકારીઓનાં મન અને શરીર પર ખરાબ પ્રભાવ પાડે છે. આ જેલનો કારાવાસ ખુબ જ કપરો અને કઠોરતાપૂર્ણ છે. જેલનો ખોરાક પણ બિનઆરોગ્યપદ રહેતો. કાચી કે બળેલી રોટલી તેની સાથે દાળ કે શાક જેમાં કીડા મંકોડા કે ઘાસના તળખલાં હોવા એ નવી વાત ન હતી. જેલના કેદીઓને સાંજે પાંચ વાગ્યે પોતપોતાની કોટડીઓમાં બંધ કરી દેવામાં આવતાં અને સવારે છ વાગ્યા સુધી તેમાં જ ગોંધાઇ ને રહેવું પડતું. રાત્રીના બાર કલાકમાં પેશાબ માટે કેદીઓને એક વાસણ આપવામાં આવતું. કુદરતી હાજતે જવાની પરવાનગી લેવી પડતી. જમાદારની પરવાનગી વગર વોર્ડન કેદીને સંડાસ જવા માટે છોડતા નહીં. તે બાબતે ખુદ જમાદાર આવીને વોર્ડરોને ધમકાવતો. કોઇ કેદી બિમાર થઇ જાય તો તેને સીધો ડોકટર પાસે લઇ જઇ શકાતો નહીં. તેને પહેલાં જેલનાં ખુંખાર જેલર મિસ્ટર બેરી સામે હાજર થવું પડતું. બેરી જો કેદીને દવાખાને મોકલવા ઇચ્છે તો મોકલી શકાતો. નહીંતર ભગવાન ભરોસે તેને જીવવું પડતું. દરેક કેદીને ચોક્કસ માત્રામાં નારીયેળના તેલનો કોટા પુરો કરવો પડતો. તે ન થાય તો જેલના અધિકારી કેદીને મારી મારી ચામડી ઉતરડી લેતા. અતિશય પરિશ્રમ, પોષણ વિનાનો ખોરાક અને એકાકીપણું. એક કાળકોટડીમાં ટૂંટિયું મારી બેસી રહેવું પડે આજ મોટી સજા કહેવાય. જેલના અમાનુષી ત્રાસથી કંટાળી ક્રાંતિકારીઓ ભુલ હડતાળ કરવા મજબૂર બની જતા. જેલમાં કેદીઓને વિશ્વથી તદ્દન અલગ રાખવામાં આવતા. વર્ષમાં એક જ વાર પત્ર લખવાની કે પત્ર મેળવવાની છૂટ રહેતી. તેથી જયારે ભારતથી કોઇ સ્ટીમર આવે અને ટપાલ લાવે ત્યારે સમાચાર જાણવાની કેદીઓને ભારે ઉત્સુકતા રહેતી. ટપાલ પણ કેટલા ગળણે ગળાઇને આવતી. રાજકીય સમાચારો લખી શકાતી નહીં. આ ક્રાંતિકારીઓએ ખુબ જુલ્મો અત્યાચારો સહ્યા. તેમાં ઘણાએ જીવ ગુમાવ્યો. તો અમુક પાગલ પણ થઇ ગયેલા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આંખે દેખ્યું દામાન

- નટવર હેડાઉ

કિશોરને પોતાની ટેવનો આવો પડઘો પડશે તેનો કોઇ ખ્યાલ નહતો, એટલે તેણે બસમાં જવાનું નક્કી કર્યું, વળતા દિવસે કિશોર તો બસને પકડવા જવા વહેલો નીકળી ગયો

કિન્નરીને કિશોર સાથેની આ દરરોજની ફરિયાદ હતી. એ પોતે જયારે સ્કૂટર ડ્રાઇવ કરવા બેસે, ત્યારે પાછલી સીટ પરથી કિશોર જાત-ભાતની સલાહો આપતો હોય, 'અરે કિન્નુ, જરા ધ્યાન રાખજે. જો - જો સામે ગાડી આવે છે... અરે... અરે કયાંક જરૂર ભટકાવી દેવાની. કિન્નુ, પ્લીઝ... જરા ધીરે... પણ આજે કિન્નરીની સહનશીલતાની હદ આવી ગઇ. ઓફિસમાં કેટલી નામોશી થઇ. બન્યું એવું કે બોસની ગાડી રસ્તામાં સાથે થઇ. આ રનિંગ કોમેન્ટ્રી સાંભળી, બોસ મલકાયા. ઓફિસમાં આવી મજાક કરી, 'વાહ... તમારા પતિ તો ભરચક ટ્રાફિક વચ્ચે ડ્રાઇવિંગ શીખવે છે કે શું? સૌ વાત સાંભળી ખડખડાટ હસી પડ્યા અને પેલી ચીબાવતી પરિન્દા... પોતે જયારે જયારે એ ટેલબ પાસેથી પસાર થાય ત્યારે તુરત બોલે, કિન્નુ પ્લીઝ જરા... ધીરે...'' અને હાસ્યની લહર...

કિન્નરીનો અહં ઘવાયો... વળતા દિવસે બોલબોલ કરતા કિશોરને તેણે સંભળાવી દીધું. જો કિશોર... હું કંઇ નવું નવું ડ્રાઇવિંગ નથી શીખી... દસ વર્ષથી આ સ્કૂટર ચલાવું છું. મારે ત્યાં તો મારી મમ્મી પણ ડ્રાઇવ કરે છે. તારે ત્યાં જયારે ગાડીના સપનાં પણ ન હતા તે પહેલાથી તો અમારી પાસે લાઇસન્સ છે... એટલે હજુ ગઇ કાલનો શીખેલો, તું. જો મારી પાછળ બેસવું હોય તો જીભ કાબુમાં રાખ... નહિંતર તું તારે બસમાં ઓફિસે જા...

લઘુ નવલિકા
અસ્તિત્વ

- અનંત ન. વ્યાસ

કિશોરને પોતાની ટેવનો આવો પડઘો પડશે તેનો કોઇ ખ્યાલ નહતો. એટલે તેણે બસમાં જવાનું નક્કી કર્યું. વળતા દિવસે કિશોર તો બસને પકડવા જવા વહેલો નીકળી ગયો. બીજી બાજુ સમય થતાં કિન્નરી પણ તૈયાર થઇ ગઇ. બહાર આવી સ્કૂટર પર બેસી ટેવ પ્રમાણે બોલી, 'આવો બેસી જાઓ' પણ બીજી ક્ષણે તેને ભાન થયું. કિશોર તો નથી. પાંચ વર્ષનો સંગ તૂટ્યો... આજે પેલી ટકટક નથી... આજે તો સાવ એકલા...

કિન્નરીને સ્કૂટર મારી મૂક્યું. ઘડીભર એ આનંદમાં આવી ગઇ ઘણા વખતે આવી શાંતિ મળે, પણ જયાં વળાંક આવ્યો ત્યાં પાછળથી અવાજ સંભળાતો, કિન્નુ જરા ધ્યાન રાખ.' કિન્નરીએ ચોંકીને પાછળ જોયુ. સીટ તો ખાલી હતી... તો પછી આ અવાજ કયાથી સંભળાયો. પછીના દરેક વળાંકે તેને કિશોરનો અવાજ સંભળાતો રહ્યો. તેને થયું. કિશોર ભલે નથી... પણ તેનો અવાજ પીછો કરે છે. કિશોરનો અવાજ છે કે પોતાનાં જ કોઇ અસ્તિત્વ... બિંદુઓ... કિશોરનો અવાજ ન સાંભળવો હોય તેમ તેણે સ્કૂટર મારી મૂક્યું. તેને થયું... હં. હવે અવાજ ધીમો પડતો જાય છે... એ પાછળ રહી ગયો. હવે શાંતિ... અને શાંતિનો સ્વાદ લેવા માટે તેણે લાંબુ ચક્કર મારવાનો નિર્ણય કર્યો.

ભરચક ટ્રાફિક, એકધારા વાગતા હોર્ન... અને કોલાહલ આ તમામ વચ્ચે તેનું સ્કૂટર એકધારી ગતિએ જઇ રહ્યું હતું હવે પેલો અવાજ સંભળાતો ન હતો. પણ કોણ જાણે કેમ - જેવો અવાજ સંભળાતો બંધ થયો કે કિન્નરીને લાગ્યું. તે સાવ એકલી પડી ગઇ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)